રક્ષાબંધન પર્વે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલને રાજયભરમાંથી આવેલ બહેનો-માતાઓએ રાખડી બાંધી રક્ષા કવચ પુરૂ પાડયું

ગાંધીનગરમાં મંત્રીમંડળ નિવાસ સંકુલના કોમ્યુનિટી હોલમાંવિશાળ સંખ્યામાં મુખ્યમંત્રીને રક્ષા બંધન કરવા માટે ઉમટી

અમદાવાદ : ભાઈ બહેનના અપાર સ્નેહ અને અતૂટ લાગણીની અભિવ્યક્તિ ના પવિત્ર ઉત્સવ રક્ષાબંધન પર્વે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રાજયભરમાંથી આવેલી બહેનો માતાઓ એ રાખડી બાંધી રક્ષા કવચ પુરું પાડયું હતું.

પ્રદેશ ભાજપ મહિલા મોરચાના સુશ્રી દીપિકા બહેનના નેતૃત્વ અને સહયોગથી વિવિધ જિલ્લાઓની માતૃ શકિત મુખ્યમંત્રીને રક્ષા બંધન કરવા માટે ઉમટી હતી અને મુખ્યમંત્રીના કાંડે રાખડી બાંધી હતી.મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, ગાંધીનગરના ધારાસભ્ય શ્રીમતી રિટા બહેન પટેલ, મેયર શ્રીમતી મીરાંબહેન તેમજ સમાજના વિવિધ વર્ગોની બહેનોએ ભૂપેન્દ્રભાઈ પટેલને રક્ષા કવચ રાખડી બાંધીને પ્રદાન કર્યું હતું.

મુખ્યમંત્રીને નાની દીકરીઓ અને દિવ્યાંગ બહેનોએ પણ રાખડી બાંધી આદર ભાવ વ્યકત કર્યો હતો.

આ અવસરે અમદાવાદની સાધના વિનય મંદિર શાળા ના બાળકોએ શ્રીમદ્ ભગવદ્ ગીતા ના શ્લોક લખેલી ૧૪૦ ફુટ ની વિશાળ રાખડી મુખ્યમંત્રીને અર્પણ કરી હતી.(૩.૧૭)

પરમધામમાં માસક્ષમણ તપના પૂ. નેમપ્રિયાજી મ.સ.નો કાલે પારણા મહોત્સવ

માત્ર ૪ મહિનાની દીક્ષા પર્યાયમાં ૨૨ વર્ષીય સાધ્વી રત્નાની ૩૦ ઉપવાસની આરાધના

દ્રઢ મનોબળ સાથે નિર્વિઘ્ને પરિપૂર્ણ કરી રહ્યા છે ત્યારે તેમના તપની પૂર્ણતા સ્વરૂપ એમના પારણા મહોત્સવ કાલે તા.૨૦ મંગળવાર સવારના ૧૦ કલાકે પરમધામના પ્રાંગણે આયોજિત કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનિય છે કે, ગત એપ્રિલ મહિનામાં પરમ ગુરુદેવના શ્રી મુખેથી દીક્ષા અંગિકાર કરનારા માત્ર ૪ મહિનાની દીક્ષા પર્યાયના નવદીક્ષિતા આ ૨૨ વર્ષીય સાધ્વીરત્નાના તપની અઠ્ઠિતબાવે અનુમોદના કરવાના ભાવથી પરમધામના પ્રાંગણે પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને તેમજ લાઈવ ટેલિકાસ્ટના માધ્યમે દેશ - વિદેશના ભાવિકો જોડાઈને ધન્ય બનવા આતુર બની રહ્યાં છે. (૪.૩૬)

રાજકોટ જિલ્લાની ૬ પાલિકામાં પ્રમુખનું રોટેશન જાહેર

જેતપુરમાં પ્રથમ ટર્મ સામાન્ય મહિલા અને બીજી ટર્મ એસ.સી. અનામત

(કેતન ઓઝા દ્વારા)જેતપુર,તા. ૧૯: છેલ્લા દોઢેક વર્ષથી રાજયની ૧૫૦ જેટલી નગરપાલિકાની ઓબીસી અનામતને કારણે ચોમાં પડેલ ચૂંટણીઓની તારીખ હજુ જાહેર નથી થઈ. આ દરમિયાન કેન્દ્રની અને રાજયની બંને ચૂંટણીઓ પણ યોજાય ગઈ અને આ ચૂંટણીમાં નગરપાલિકાની ચૂંટણી વાઈફોએ મને ટીકીટ મળશે તે આશાએ હોંશે હોંશે કામ કર્યું છે. સરકારે ઓબીસી અનામત માટે નિમેલ ઝવેરી પંચે તેમનો રીપોર્ટ સરકારમાં જમા કરાવી દીધો પરંતુ હજુ ચૂંટણીની તારીખ ઓબીસી અનામતને કારણે ચોમાં પડી છે. જેથી ચૂંટણીની તારીખ તો જાહેર ન થઈ પરંતુ ચૂંટણી યોજાય ગયા બાદ જેને નગરપાલિકામાં સામાન્ય કે અનામત કઈ કેટેગરીમાંથી પ્રમુખ આવશે તેનું રોટેશન શહેરી વિકાસ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવ્યું છે.

જેમાં રાજકોટ જિલ્લાની જેતપુર, ધોરાજી, ઉપલેટા, ભાયાવાદર, જસદણ અને ગોંડલ એમ છ નગરપાલિકાઓનું પ્રમુખનું રોટેશન જાહેર કરવામાં આવ્યું છે. આ છ નગરપાલિકાઓમાંથી સૌ પ્રથમ એ ગ્રેડની જેતપુર નગરપાલિકાની વાત કરીએ તો ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૩ના દિવસથી જેતપુર નગરપાલિકામાં વહીવટદારનું શાષન ચાલી રહ્યું છે. અને જેતપુરના નાગરિકોને પણ વહીવટદારનું શાષન અનુકૂળ આવી ગયું છે. જેતપુરમાં પાંચ વર્ષમાં પ્રથમ અઢી વર્ષ સામાન્ય વર્ગની મહિલા માટે અનામત અને બીજા અઢી વર્ષ એસ.સી. અનામત જયારે ધોરાજીમાં પ્રથમ અઢી વર્ષ ઓબીસી વર્ગની મહિલા અને બીજા અઢી વર્ષ એસસી અનામત, ભાયાવદરમાં પ્રથમ અઢી વર્ષ સામાન્ય વર્ગની મહિલા માટે અનામત અને બીજા અઢી વર્ષ એસસી અનામત, ઉપલેટામાં પ્રથમ અઢી વર્ષ સામાન્ય વર્ગની મહિલા અને બીજા અઢી વર્ષ ઓબીસી વર્ગ, જસદણમાં પ્રથમ અઢી વર્ષ સામાન્ય અને બીજા અઢી વર્ષ સામાન્ય મહિલા માટે અનામત જયારે ગોંડલ નગરપાલિકામાં હજુ ભાજપનું શાષન છે પરંતુ તેનું પણ રોટેશન જાહેર કરવામાં આવ્યું છે ગોંડલમાં પ્રથમ અઢી વર્ષ ઓબીસી વર્ગની મહિલા માટે અનામત અને બીજા અઢી વર્ષ સામાન્ય બેઠક પરથી ચૂંટાયેલ સદસ્ય પ્રમુખ બની શકશે. (૨૨.૨૧)

સન્ની કૌશલ તેના પિતા વિશે કહે છે મારા પિતાને વિક્કી અને મારા પર ગર્વ

(કેતન ખત્રી) અમદાવાદ: આ રવિવારે, સોની એન્ટરટેનમેન્ટ ટેલિવિઝનની નવી ઓફર, 'આપણા અપના ઝાકિર' હોસ્ટ ઝાકિર ખાન દ્વારા મનોરંજક વાર્તાલાપ અને હાસ્યથી ભરપૂર એપિસોડ રજૂ કરે છે. એપિસોડમાં યોડો 'હસીન' ભાગ ઉમેરવા 'રોમેન્ટિક ક્રિયેટ, 'ફિર આયી હસીન દિલરુબા' ની સ્ટાર કાસ્ટ દ્વારા, જેમાં તાપસી પન્નુ, વિક્રાંત મેસી અને સની કૌશલના સમાવેશ થાય છે; જે પોતાની ફિલ્મ અને જીવન વિશે કેટલાક રોમાંચક ખુલાસા કરતા જોવા મળશે. સની કૌશલે શેર કર્યું, મારા પિતાને વિક્કી અને મારા બેન પર અવિશ્વસનીય ગર્વ છે; તે હજી પણ તેના વિશે ખૂબ જ ભાવનાત્મક બની જાય છે. તેમના પુત્રોએ પોતાને અભિનેતાઓ તરીકે સ્થાપિત કર્યા છે અને તેમના પોતાના પગ પર ઉભા થયા છે તે જોઈને તેમના હૃદયમાં ખૂબ ગર્વ અને આનંદ ભરેલો છે. અને, એક દિવસ તમણે એમ પણ કહ્યું કે મેં મારું કામ કર્યું છે અને હવે હું તે કામ કરીશ જે મને ગમે છે. અને, અમને આશ્ચર્ય થયું કારણ કે અમે તમને આટલા વર્ષો પછી આ કહેતા સાંભળ્યા અને તે અમારા માટે ખૂબ જ લાગણીશીલ હતું.(૨૩.૨૧)

સ્ટર્લિંગ ટૂલ્સની ત્રીમાસિક ગાળામાં ટુલ વેચાણમાં વાર્ષિક ૨૭.૩ ટકાની વૃધ્ધિ

(કેતન ખત્રી) અમદાવાદ: સ્ટર્લિંગ ટૂલ્સ લિમિટેડ દેશમાં બીજી સૌથી મોટી ઓટોમોટિવ ફાસ્ટર ઉત્પાદક છે અને અની ૧૦૦ ટકા માલિકીની પેટાકંપની - સ્ટર્લિંગ જીટેક ઈ-મોબિલિટી લિમિટેડ ભારતમાં ઈલેક્ટ્રિક વિહકલ (ઈવી) માટે સૌથી મોટી મોટર કન્ટ્રોલ યુનિટ (એમસીયુ) છે. કંપનીએ ૩૦ જૂનના અંત પુણે થયેલા ત્રિમાસિક ગાળા માટે અના ઓડિટ ન થયેલા સ્વતંત્ર અને સંગઠિત પરિણામોની જાહેરાત કરી હતી.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળાની કામગીરી પર ટિપ્પણી કરતાં સ્ટર્લિંગ ટૂલ્સ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી અતુલ અત્રાવાલે કહ્યું હતું કે: સ્વતંત્ર ધોરણે અમારા વ્યવસાયમાંથી કુલ આવક વાર્ષિક ધોરણે ૯.૬ ટકા વધીને રૂ. ૧૬૨.૯ કરોડ થઈ હતી. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં **EBITDA** વાર્ષિક ધોરણે વધીને ૧૪.૫ ટકા અને માર્જિન વધીને ૧૪.૮ ટકા થયું હતું, જે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના ન્યમ ત્રિમાસિક ગાળામાં ૧૪.૧ ટકા હતું. ચોખ્ખો નફો (**PAT**) વાર્ષિક ધોરણે ૪૧ ટકા વધીને રૂ. ૧૧.૪ કરોડ થયો હતો. કંપનીએ આવકમાં ઊંચી વૃદ્ધિ હાંસલ કરવા ધ્યાન કેન્દ્રિત કર્યું છે કુલ આવકમાં વાર્ષિક ધોરણે ૧૨.૭ ટકાની વૃદ્ધિ સાથે ૭૭ટ્ટ્ટ્ હિસ્સો વધારે મેળવવાનું જાળવી રાખ્યું છે. કુલ વ્યવસાયમાં **SGEM**ની આવકનો હિસ્સો નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૩૩ ટકાથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૪૩ ટકા થયો હતો.(૨૩.૨૧)

ખંભાળિયા નજીક ત્રણ મિત્રો સાથે જઈ રહેલી કાર પલટી જતા મુંબઈના યુવાનનું મૃત્યુ

(કૌશલ સવજાણી દ્વારા) જામ ખંભાળિયા, તા. ૧૯: મહારાષ્ટ્ર રાજ્યના મુલુંડ(વેસ્ટ) ખાતે રહેતા વિરલ સતિષભાઈ ભૈયા નામના ૩૩ વર્ષના યુવાન તેમની (સાથે ગાંધીધામ-કચ્છના સુખાપરનગર વિસ્તારમાં રહેતા વિનયભાઈ નિવશભાઈ શાહ (ઉ.વ. ૨૪) અને તેમના વિદ્યાર્થી મિત્ર યુગલ સુશીલભાઈ ઝીલ (ઉ.વ. ૨૨, રહે. ગાંધીધામ) ને સાથે લઈને સોમનાથ દર્શન કરવા ગયા હતા. ત્યાંથી તેઓ ગઈકાલે તેમની એમ.એચ. ૦૫ ડી.એસ. ૭૦૮૩ નંબરની ઝેડ્સ મોટરકારમાં દ્વારકા દર્શન કરી અને પરત ગાંધીધામ જવા માટે રવાના થયા હતા. આ મોટરકાર વિરલભાઈ ચલાવી રહ્યા હતા.ખંભાળિયાનદ્વારકા માર્ગ પર હંજીયાખરી ગામ નજીક પહોંચતા રસ્તામાં આવેલ એક ખાડાને તારવવા જતા કાર ચાલક વિરલભાઈ ભૈયાએ પોતાની કારના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો. જેના કારણે મોટરકાર પલટી ખાઈ ગઈ હતી.આ બનાવ અંગેની જાણ થતા ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ સાકીદે ઘટના સ્થળે દોડી ગઈ હતી. આ ગમખ્વાર અકસ્માતના કારણે કાર ચાલક વિરલભાઈને શરીરના જુદા જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ થતા તેમનું કરુણ મૃત્યુ હતુ. ત્યારે તેમની બાજુમાં બેઠેલા વિનયભાઈ શાહને ફ્રેક્ચર સહિતની નાની મોટી ઈજાઓ સાથે ખંભાળિયાની ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. જ્યારે પાછલી સીટમાં બેઠેલા ૨૨ વર્ષીય યુવાન યુગલને કોઈ મોટી ઈજાઓ થઈ ન હતી.

આ સમગ્ર બનાવ અંગે વિનયભાઈ નિવશભાઈ શાહ (ઉ.વ. ૨૪,રહે. ગાંધીધામ - કચ્છ) ની ફરિયાદ પરથી ખંભાળિયા પોલીસ કાર ચાલક (મૃતક) વિરલભાઈ સતિષભાઈ ભૈયા સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, જરૂરી કાર્યવાહી કરી હતી.(૯.૧૧)

સિમ્ફની સ્માર્ટ વોટર હીટર ક્ષેત્રે ધમાકેદાર પ્રવેશ

(કેતન ખત્રી) અમદાવાદ : એર કુલરમાં લોકપ્રિય સિમ્ફની એક અગ્રણી મલ્ટીનેશનલ કંપનીએ તાજેતરમાં જ ગોવા ખાતે વોટર હીટર ક્ષેત્રે ધમાકેદાર પ્રવેશ સાથે કુલર્સમાં ખ્લોકબસ્ટર પ્રોડક્ટ લોન્ચ કર્યા. સિમ્ફની લિમિટેડ દ્વારા ગીઝરની રેન્જ ત્રણ અલગ અલગ - સ્પા, સોના અને સોડિલની પ્રસ્તુતિ સાથે સ્ટોરેજ વોટર હીટર શ્રેણીમાં પ્રવેશ નોંધાવ્યો. જેમાં સિમ્ફની સ્પા ગીઝર્સ, સિમ્ફની સિમ્ફની ખુરાપોડ એક અત્યાધુનિક ૯ સ્તરીય પાણી ગાળણ કાર્ટ્રીજ સાથે કે જે સખત પાણીને નરમ કરે છે, સ્માર્ટ બાથ સિસ્ટમના મહત્વના કાર્યોમાં પાણીની તૈયારી, સર્વિસ રિમાઈન્ડર જેવા વોઈસ નોટિફિકેશન, ફસ્ટમાઈઝ ટાઈમર સેટિંગ,ઉષ્ણતામાન અંકુશ તેમ જ સુરક્ષા માટે ચાઈલ્ડ લોક જેવી સુવિધાઓ હોવાનું સિમ્ફની ચેરમેન શ્રી અચલ બકેરીએ જણાવ્યું છે તેઓ કહે છે પાણી ગરમ કરવાના વિભાગને વિસ્તર્યો છે ગ્રાહકોની ત્વચાની અને વાળની કાળજી સાધેની સુવિધા પ્રસ્તુત કરી છે. ગીઝરની સોના શ્રેણી પ્લાસ્ટિક બોડી સાથે અત્યાધુનિક નવ સ્તરીય ખુરાપોડ પાણીગાળણ કાર્ટરીજ ધરાવે છે અને સિમ્ફની સોડિલ શ્રેણી મેટલ બોડી અને એક એલઈડી ડિસ્પ્લે ધરાવે છે. તમામ સિમ્ફની ગીઝર્સ ૧૦, ૧૫ અને ૨૫ લિટર માં ઉપલબ્ધ છે, ટાઈનિયમ પ્રોન્સુપિરિયર ગ્લાસ લાઈન કોટેડ ટાંકીથી સજ્જ છે.(૨૩.૨૧)

બીસ્ટ બ્રિગેડ રાઈડર્સ દ્વારા સ્વતંત્રતા દિવસની યાદગાર ઉજવણી

રાજકોટ :ભારતના ૭૮મા સ્વતંત્રતા દિવસની શક્તિશાળી અને અનોખી ઉજવણીમાં, બીસ્ટ બ્રિગેડ રાઈડર્સ સ્વતંત્રતા માટે સવારી, ભવિષ્ય માટે છોડ! સ્લોગન સાથે કરી હતી. મહત્વાકાંક્ષી પર્યાવરણીય મિશનની શરૂઆત કરી. પ્રીમિયમ ક્વોલિટી પ્રોડક્ટસના પ્રસિદ્ધ ઉત્પાદક, એક્શનવેર ઈન્ટિયા પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર્સ દ્વારા ફ્લેગ ઓફ કરવામાં આવ્યું હતું, આ પ્રવાસ માત્ર એક સવારી ન હતી પરંતુ પૃથ્વી પર કાયમી અસર કરવાની પ્રતિજ્ઞા હતી. રાઈડર્સ તાજા કપ્કડ અને કેઝાર જોડિયાવાલાએ વાંકાનેર, મોરબી, ગાંધીનગર, અમદાવાદ અને વડોદરા જેવા શહેરોમાં મુસાફરી કરીને માત્ર એક જ દિવસમા પ્રભાવશાળી ૮૦૪ કિલોમીટરનું અંતર કાપ્યું હતું. અને સાથે સાથે પર્યાવરણના જતન માટે ૦૮૦યી વધુ વૃક્ષોનું આ પ્રવાસ દરમ્યાન જુદા-જુદા સ્થળોએ રોપણ કર્યું હતું. (૩૯.૪)

૭૭ બાળકોએ સતત ૭૭ મીનીટ સ્કેટીંગ કરી વ્યકત કરી દેશભકિત

રાજકોટ :પુજા હોબી સેન્ટર, પોદાર પ્રેપ અક્ષર માર્ગ તથા બાલભવન અને ગુજરાત રોલર બાસ્કેટબોલના સંયુકત આયોજનથી સીપ્રથમવાર દેશને સમર્પિત કરતા બાળકો આઝાદીને નમન સ્વરૂપે કાંતિવીરોને યાદ કરતો ૭૭ મિનીટનો સ્કેટીંગનો અદ્‌ભુત શો બાલભવન સ્કેટીંગ રીંક ખાતે ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો. ૪ થી ૧૮ વર્ષના બાળકો તથા યુવાનો દ્વારા આમંત્રીત મહેમાનો તથા અસંખ્ય વાલીઓની હાજરીમાં આ પ્રોગ્રામ થયો હતો. બાલભવનમાં માનદ મંત્રી મનસુખભાઈ જોષી દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું ત્યારે મહેમાનો, પ્રો. સીમાબેન પટેલ, હિતેશભાઈ પટેલ, હંસીબેન, પ્રો. પ્રીતેશ પોપટ, શ્રીમતી રમાબેન રંડરભા, વિજયભાઈ કારીયા, કાળુમામા, કિરીટભાઈ, જાયદાબેન, પલ્લવીબેન તથા અન્ય મહેમાનો ઉપસ્થિત રહ્યા હતાં. સ્કેટીંગ કરતા ૭૭ બાળકો તથા પોદાર પ્રેપના નાના ભુલકાઓ અને પેરેન્ટસે ઉપસ્થિત રહી ઢોલીના સથવારે દેશભકિતના ગીત પર ડાન્સ રજૂ કરી આહલાદક વાતાવરણ બનાવ્યું હતું. ૭૭ મીનીટ રોલર સ્કેટીંગ પુરી કરનાર તમામ બાળકોને ગોલ્ડ મેડલ તથા સર્ટીફીકેટ અનાયત કરવામાં આવ્યા હતાં. પ્રોગ્રામમાં સાઉન્ડ સેવા દિપકભાઈએ પુરી પાડી હતી. આયોજનને સફળ બનાવવા માટે એમેતુર કેડરેશન ઓફ રોલર બાસ્કેટબોલ, ગુજરાત રોલર બાસ્કેટબોલ એસોસીએશન, બાલભવન તથા પુજા હોબી સેન્ટરના તમામ કમીટી મેમ્બરો જહેમત ઉઠાવી હતી. (૫૨૦)